

અરવલ્લી જિલ્લામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે શનિવાર સવારથી જ વાદળો ઘેરાયા હતા. સાંજના ૫ વાગ્યા પછી એકાએક વાતાવરણમાં પલ્ટો આવતાં ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી અને પવન તીવ્ર ગતિ સાથે ફુંકાવાથી મીની વાવાઝોડું ત્રાટકયું હતું. અચાનક ત્રાટકેલા વાવાઝોડાએ રોદ્ર સ્વરૂપ ધારણ કરી અરવલ્લી જિલ્લાને ઘમરોળી નાંખ્યો હતો. જેમાં ઠેર ઠેર વૃક્ષો ધરાઈ શાહી થયા હતા અને ગામડાઓ ઘરનો શેડ (પતરા) હવામાં ફંગોળાવાની સાથે વિજપોલ ઉખડી જતાં વિજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને જિલ્લામાં અંધારપટ છવાયો હતો. (તસવીર : જય અમીન)

મોડાસાના ખંભીસરમાં વાનરોનો આતંક હજુ વણથંભ્યો

ખંભીસર પ્રાથમિક શાળના કાર્યક્રમ દરમિયાન વાનરે હુમલો કર્યો

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામમાં વાનરોએ છેલ્લા બે મહીનાથી ગામના પ્રજાજનોને બંધક બનાવી દીધા છે. ગામ લોકો વાનરોના હુમલાથી ગભરાઈને એકલ દોકલ ઘરની બહાર પણ નિકળવામાં ગભરાટ અનુભવી રહ્યા છે. ગ્રામજનોએ વારંવાર વનવિભાગ તંત્રને જાણ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ જ યોગ્ય પગલાં ન ભરાતાં ગામના લોકોની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે.

મોડાસા તાલુકાના ખંભીસર ગામે વાનરે ફરી આતંક મચાવ્યો છે. શુકવારના રોજ ખંભીસર પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં આ કાર્યક્રમ ચાલી રહ્યો હતો ત્યારે અચાનક જ વાનરે હુમલો કરતાં વિદ્યાર્થીઓ હેબતાઈ ગયા હતા અને બાળકોમાં અફડાતફડી મચી ગઈ હતી. આ દરમિયાન શાળાના ધો-૩માં અભ્યાસ કરતી બાળકી પટેલ પરીબેન નરેન્દ્રભાઈને શાળાનો દરવાજો માથાને ભાગે વાગતા ઈજાઓ થઈ હતી. ખંભીસર ગામમાં વાનરોનો આતંક એ તોબા પોકારી મુકયો છે. એકાદ મહિના પહેલા ગામની એક મહિલાને વાનરે અડફેટે લેતાં હાથના ભાગે ફ્રેકચર થયું હતું. છેલ્લા બે મહિનાથી વાનરોએ ખંભીસર ગામમાં ગામના લોકોને પાછળ પડવાના હુમલાઓ કરવાના અને કરડવાના બનાવો બન્યા હોવા છતાં વન વિભાગ તંત્ર ઘોર નિંદ્રાધીન છે. ખંભીસર ગામના એક જાગૃત નાગરિકે મોડાસાના વનવિભાગના અધિકારી ડામોર (આર.એફ.ઓ.)ને ટેલીફોનીક જાણ કરતાં આ અધિકારીએ બેજવાબદારી પૂર્વક જણાવ્યું હતું કે વાનરો પકડવા માટે પાંજરા મુકવા માટે બજેટમાં કોઈ જોગવાઈ નથી. આવી વાત કરીને આરએફઓએ જવાબદારીમાંથી બચવાનો પ્રયત્ન કર્યો હતો. ખંભીસર ગમના લોકોના જણાવ્યા અનુસાર વાનરે કરેલા હુમલાથી ગભરાઈને બાળકોએ સ્કુલમાં જવાનું પણ બંધ કર્યું હોવાથી બાળકોના અભ્યાસ પર પણ અસર પડી રહી છે. જેથી અરવલ્લી વન વિભાગ સત્વરે આતંક મચાવનાર વાનરોને પકડીને જંગલ છોડી દે તેવી માંગ પ્રબળ બની છે.

(તસવીર : જય અમીન)

પ્રાંતિજમાં ૧૪ કરોડની ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુહૂર્ત

દશ લાખના ખર્ચે બનનાર પે એન્ડ યુઝ શૌચાલયનું પણ ખાતમુહૂર્ત થયું : બંને ખાતમુહૂર્ત સાબરકાંઠા-અરવલ્લી સાંસદના હસ્તે થયા

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા વિસ્તારમાં આવેલ બે જગ્યાએ ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખાતમુહૂર્ત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપર આવેલ પીકઅપ સસ્ટેન્ડ પાસે નગરપાલિકાની ગ્રાન્ટમાંથી ૧૦ લાખના ખર્ચે અદ્યતન પે એન્ડ યુઝ શૌચાલયનું ખાતમુહૂર્ત સાંસદના હસ્તે થયું હતું.

જયારે નગરપાલિકા વિસ્તારમાં આવેલ નવાબાકલપુર ગામે પણ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી વિકાસ યોજના ભુગર્ભ ગટર યોજનાનું ૧૪ કરોડના ખર્ચેતૈયાર થનાર ગટર યોજનાનું ખાતમુહૂર્ત પણ સાંસદના હસ્તે થયું હતું.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

જયારે આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, ઉપપ્રમુખ રસીલાબેન રામી, કારોબારી અધ્યક્ષ અરવિંદભાઈ પટેલ, બાંધકામ સમિતિ ચેરમેન મુકેશભાઈ કડિયા, શહેર ભાજપ પ્રમુખ સતિષભાઈ પંડયા, ભાજપ મહામંત્રી વિજયભાઈ પટેલ તથા પાલિકાના કોર્પોરેટરો તથા આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જયારે ગ્રામજનોદ્વારા સાંસદ સહિત નગરપાલિકાના પ્રમુખ સહિત કોર્પોરેટરોને ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ દ્વારા સમય મર્યાદામાં અને મજબૂત કામ થાય તે માટે બંને કોન્ટ્રાકટરોનું ધ્યાન દોર્યું હતું અને કામ દરમિયાન ગ્રામજનોને પણ કેટલીક મુશ્કેલી પડશે જેથી મુશ્કેલીઓથી ધીરજ રાખવા સામનો કરવા માટે આગ્રહ કર્યો હતો.

તલોદના એસ.ટી. ડેપોમાં ભર ઉનાળે મુસાફરોને ગરમ પાણી પીવુ પડે છે

તલોદ, તા. ૧૨

તલોદના એસ.ટી. ડેપોમાં પીવાના પાણીથી મુસાફરો ભર ઉનાળે કાળઝાળ ગરમીમાં પરેશાન બની રહ્યા છે. જ્યારે પ્લાસ્ટીકની ટાંકીમાં ગરમીના કારણે પાણી ઉકળતુ હોય તેવી સ્થિતિ પેદા થઈ હોવા છતાં એસટીતંત્ર મુસાફર જનતાને પીવાનું ઠંડુ પાણી આપવામાં નિષ્ફળ સાબિત થયું છે. તલોદ એસ.ટી. ડેપોમાં પીવાના પાણીની પરબ શોભાના ગાંઠિયા રૂપ બની રહી છે.

થોડાક સમય અગાઉ એસટીના વર્કશોપમાં આવેલી ટાંકીમાંથી પરબમાં પાણી ભરવામાં આવતુ હતુ. પરંતુ તલોદની નબળી નેતાગીરીથી ડેપો છીનવાઈ જતાં પાણીની ટાંકી ભરવામાં આવતી નથી. જેમાં તંત્ર ઉણુ ઉતર્યુ છે. મુસાફરોને પાણી આપવા માટે પ્લાસ્ટીકની ટાંકી ગોઠવવામાં આવી છે. જે સુરજ ચઢતા જ તપી જતી હોવાથી તેના અંદરનું પાણી પણ ગરમ લ્હાય જેવુ ઉકળી જતુ હોવાથી મુસાફરો પરેશાન બની રહ્યા છે. તલોદના આ ડેપોમાં દાનવીરોએ આપેલુ વોટર કુલર પણ ભંગારની સ્થિતિમાં ફેરવાઈ જતા અસહ્ય ગરમીમાં મુસાફરો પાણી પીવા માટે વલખાં મારતાં ન છુટકે પૈસા ખર્ચીને પીવાના પાઉચ ખરીદી રહ્યા છે.

રાજ્યમાં એ ગ્રેડ પ્રસ્થાપિત કરનાર તલોદ એસટી ડેપો પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચિમનભાઈ પટેલના હસ્તે દબદબાભેર ખુલ્લો મુકાયો હતો, પરંતુ રાજકિય નેતાઓની ખેંચતાણથી આ ડેપો છીનવાઈ જતા અસંખ્ય મુસાફરો તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઆલમમાં ઘણીજ મોટી ડેપો હોનારત અને ખામીઓ વર્તાઈ છે. એક પછી એક તમામ એસ.ટી. તંત્રની વહાલા-દવલાની નિતિ સ્પષ્ટ થઈ ચુકી છે.

આનંદીબેન સામે કુપ્રચારનો દોર છે : ફળદુ

આનંદીબેન અને અમિત શાહના બે જુથો પડી ગયા હોવાની પણ અફવા જારી છે : ભાજપ નેતાઓ સબસિડી છોડશે

રાજકોટ, તા.૧૨

ભાજપ પ્રદેશ કારોબારીની બેઠકના બીજા દિવસે આજે પ્રદેશ પ્રમુખ ફળદુએ આક્રમક નિવેદન કરીને કેટલીક સ્પષ્ટતા કરી હતી. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, પ્રદેશ હોદ્દેદારો હાલ યથાવતરીતે રહેશે. મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની સિદ્ધિઓને બિરદાવતો એક ઠરાવ પણ આજે પસાર કરવામાં આવ્યો હતો. ગુજરાત ભાજપના નેતાઓ ગેસ સબસિડી છોડશે તેવી વાત પણ કરવામાં આવી હતી. આ સંદર્ભમાં એક ઠરાવ પસાર કરાયો હતો.

ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારીનાં બીજા દિવસે ભાજપનાં પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુએ સ્ફોટક નિવેદન કરતાં જણાવ્યું હતું કે મંત્રી આનંદીબેન પટેલ વિરૂધ્ધ કુપ્રચાર ચાલી રહ્યો છે. તેનો જડબાતોડ જવાબ આપવાનો છે ફળદુએ જણાવેલ કે મુખ્યમંત્રી પદે આનંદીબેન પટેલ જ ચાલુ રહેશે. અન્ને એ યાદ અપાવવું જરૂરી છે કે છેલ્લા કેટલાક સમયથી આનંદીબેન પટેલ ગંભીર માંદગીમાં સપડાયા છે અને સારવાર માટે વિદેશ જઈ રહ્યા છે તેમને ૧ વર્ષ માટે જ મુખ્યમંત્રી બનાવાયા છે. તેવી અફવાઓ ચાલી રહી છે. તેનો આ જવાબ હોવાનું મનાય છે. ઉપરાંત આનંદીબેન પટેલે અને અમિત શાહનાં બે જુથો પડી ગયાની ભારે ચર્ચા છે. ગુજરાત ભાજપાનાં પ્રદેશ પ્રમુખ પદે આર.સી.ફળદુ સહિત તમામ પ્રદેશ હોદેદારો હાલ તુર્ત યથાવત ચાલુ રહેશે તેવી જાહેરાત કારોબારીમાં થઈ હતી. તેમજ વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની સિધ્ધીઓને બિરદાવતો ઠરાવ પણ પ્રદેશ કારોબારીમાં પસાર થયો હતો. ગુજરાત ભાજપનાં નેતાઓ ગેસ સબસીડી છોડેશે આ બેઠકમાં ગુજરાત ભાજપનાં તમામ નેતાઓ ગેસ સબસીડી છોડી દેશો તેવો વિજય રૂપાણીએ મુકેલ ઠરાવ પણ પસાર થયો હતો.

દલિત સેના ડૉ. બાબાસાહેબની જન્મ જયંતિએ શોભાયાત્રા કાઢશે : નિ:શુલ્ક નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા દલિત સેના ડો. બાબા સાહેબની જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરશે. દલિત સેના દ્વારા નગરમાં બાબા સાહેબની શોભાયાત્રા કાઢવામાં આવશે. જન્મ જયંતિ નિમિત્તે નિ:શુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ યોજવામાં આવશે. સમગ્ર શહેરમાં ડો. બાબા સાહેબની જન્મ જયંતિની રંગારંગ ઉજવણી કરવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા શોભાયાત્રા કાઢવામાં આવશે. ૧૪ એપ્રિલ સવારે ૯-૦૦ વાગે ઘ-૪ સર્કલથી ડો. બાબા સાહેબની પ્રતિમા ખાતે પહોંચશે.

દલિત સેના દ્વારા મફ્ત ફિઝીયોથેરાપી કેમ્પ યોજાશે. સવારે ૧૧ થી બપોરના ૪ વાગ્યા સુધી ડો. આંબેડકર ભવન સે-૨ ખાતે કેમ્પ યોજાશે. જેમાં ડો. મેઘલ રાઠોડ અને ડો.કૃપા રાઠોડ સેવા આપશે. શોભાયાત્રા અને નિદાન કેમ્પમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

કરા સાથે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુકાઈ ગયા હતા. વરસાદના લીધે નગરનું જનજીવન પણ પ્રભાવિત થયું હતું. માર્ગ પર જતા ચાલકોના વાહનો પણ ખોટવાઈ ગયા હતાં જેના લીધે તેમણે હાલાકી ભોગવવી પડી હતી. તો બીજીતરફ માર્ગોની આસપાસ નમી પડેલા વૃક્ષો પણ ભયજનક હોવાનું સ્પષ્ટ થયું હતું. રજાના દિવસે વરસાદી સાંજ નિખરતા નાગરિકો લટાર મારવા નીકળી પડયા હતા. બે દિવસના વરસાદી વાયરાના લીધે વાતાવરણમાં પણ અનોખી ઠંડક પ્રસરી હતી. આજે પણ ગરમીના પારામાં ગિરાવટ યથાવત રહી હતી.ગરમીનો પારો ગગડીને ૩૪.૫ ડી.ગ્રી સુધી નીચો ઉતરી ગયો હતો.

લઘુત્તમ તાપમાન પણ ૨૨ ડી.ગી. રહેવા પામ્યું હતુ. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધુ સવારે ૪૦ અને સાંજે ૬૮ રહયું હતું. વરસાદના લીધે સેકટરોમાં કાદવ કિચ્ચડની સ્થિતિ જોવા મળી હતી. આકરા ઉનાળે પણ શિયાળા જેવી ઠંડક પ્રસરી હતી. ગરમીના દિવસોમાં નગરજનો રેઈનકોટ પહેરીને જતાં નજરે પડયા હતા.

મોડીસાંજે અદભૂત આકાશી નઝારો સર્જાયો હતો. બે દિવસથી પવન અને વરસાદની સ્થિતિનાં લીધે સેકટરોમાં ગંદકી પ્રર્વતી હતી. મૌસમનો મિજાજ ટોક ઓફ ધ ટાઉન રહયો હતો. આકરા ઉનાળે વરસાદી ઋતુ નિખરતા નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. ખુશનુમા વાતાવરણના લીધે શિયાળા જેવી ઠંડક અનુભવાઈ હતી.જયારે ખેડુતોમાં ચિંતાના વાદળો યથાવત રહયા હતા.

આંદોલનની રાહ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળાના આચાર્યો, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો, વહીવટી કર્મચારીઓને કોઈ પણ શરત વગર રક્ષણ આપવા. સરકારમાં નિમાયેલા તમામ કર્મચારીઓની જેમ રક્ષણ આપવા ઉપરાંત ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવા શિક્ષકો અને આચાર્યની ૧૦૦ ટકા ભરતી પૂર્ણ કરવા, ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા, સીસીસીની પરીક્ષામાંથી ૪૫ વર્ષે મુકિત આપવા અને પરિણામ આધારિત ગ્રાન્ટ નીતિ રદ કરવા તેમજ મોંઘવારીના પ્રમાણમાં ગ્રાન્ટ અને ફીમાં વધારો કરવા સહીતની માંગણીઓના ઉકેલ સંદર્ભે પ્રબળ માંગ કરવામાં આવી હતી. જયારે આ માંગણીઓનો ઉકેલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

શબ્દાવલી - ૫૬૯૯



આડી ચાવી

૧. તાવનો એક પ્રકાર (૪)
૨. ઇચ્છા, આકાંક્ષા (૨)
૫. સૂર્ય, રવિ (૪)
૭. દિલી, વ્હાલો (૩)
૮. ગેલેરી (૩)
૧૦. દૂધમાં નાખીને પીવાય, શક્તિવર્ધક (૪)
૧૨. ઓછપ, ભરતી પછી... આવે (૨)
૧૩. પુત્રી, છોકરી (૩)
૧૪. બુઝાવવું, હોલવવું, ... કરવું (૩)
૧૬. રજ (૨)
૧૭. કૈકેયીની માનીતી દાસી(૩)
૧૮. હિંદુઓનું સૌથી પ્રાચીન ધર્મ પુસ્તક (૨)
૧૯. બેવફાઇ, ધોખા (૩)

ઊભી ચાવી

૧. મનને હરી લે તેવું (૪)
૨. ખાલી (૨)
૩. ફિદ્ય, વારી જવું (૪)
૪. મજામાં છો? ની જગ્યાએ જૈનોમાં... છો? પૂછાય (૨)
૫. વહાણ (૪)
૬. એક કંદનું શાક રોજીંદ્ય વપરાય અને ફરાળમાં ઉત્તમ(૩)
૯. વ્યવસ્થા, સગવડ (૪)
૧૧. આરામ (૩)
૧૪. પૈસાની ધીરધાર કરનાર(૩)
૧૫. કિસ્મત, ભાગ્ય (૩)
૧૭. ધીમુ, ધીરુ (૨)

શબ્દાવલી ૫૬૯૮ના જવાબ

આડી ચાવી :- (૧) રફ (૪) જનક (૬) લજામણી (૮) કલી (૯) ધર્મયુદ્ધ (૧૦) મધુર (૧૪) પ્રસવેદ (૧૬) સારસ (૧૮) સાર (૧૯) કારગત (૨૧) ખુતમણી (૨૨) મકન

ઊભી ચાવી :- (૧) છાલક (૨) રમ (૩) ફણીધર (૪) જટાયુ (૫) કર (૭) જાલીમ (૧૧) ધુમ્મસ (૧૨) ઉદર (૧૩) ઢોંસા (૧૪) પસાર (૧૫) સરગમ (૧૭) રખાત (૧૯) કાણી (૨૦) તક

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુરૂષે ૯૪૩ સ્ત્રી છે. પોપ્યુલેશનના પ્રોજક્શન રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે ભારતમાં મહિલા વસતીની સંખ્યા ૬૨.૪૬ કરોડ થઈ છે જેની સામે પુરૂષ વસતી ૬૫.૮૦ કરોડ છે. સીધી ગણતરી કરીએ તો એક મિનિટમાં ભારતમાં ૫૧ નવા બાળકો જન્મ લે છે. નવા આંકલન પ્રમાણે ૫૦ ટકા વસતી ૨૫ વર્ષની વયની છે જયારે ૬૫ ટકા વસતી ૩૫ વર્ષની નીચેની વયની છે. સૌથી વધુ વસતી ધરાવતા રાજયનો દરજ્જો આજેપણ ઉત્તરપ્રદેશે જાળવી રાખ્યો છે. ભારતમાં આજે પણ ૭૨.૦૨ ટકા વસતી ૬.૩૮ લાખ શહેરોમાં વસે છે જયારે ૨૭.૦૮ ટરા વસતી ૫૪૮૦ શહેરોમાં વહેંચાયેલી છે...

હવે, સિંહોની ગણતરી શરૂ થાય છે ...

સાસણ ગીરના સિંહોની વસતી ગણતરી આ વખતે હાઈટેક સેન્સસ પદ્ધતિથી થવાની છે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમજીપીએસનો ઉપયોગ કરશે. આ સેન્સસ સૌરાષ્ટ્રના આઠ જિલ્લાના ૧૫૦૦ ગામોમાં કરવામાં આવશે, જે ૨૦,૦૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લેશે. છેલ્લે જયારે ૨૦૧૦માં સિંહોની વસતી ગણતરી થઈ હતી ત્યારે માત્ર ૧૦,૦૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો. આ વખતે વિસ્તાર બમણો છે. સેન્સસ માટે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા ૨ થી ૫ મે ના દિવસો પસંદ કર્યા છે. ૨૦૧૦માં સિંહોની સંખ્યા ૪૧૧ નોંધવામાં આવી હતી, હવે ૨૦૧૫માં આ આંકડો ૫૦૦ને પાર કરી જાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે...

ખેડૂતો ઘટ્યાં, ખેતમજૂરો વધ્યા ...

ગુજરાતની દિશા બદલાઇ ચૂકી છે. ઉદ્યોગોને વધારે પ્રોત્સાહન આપવામાં એગ્રીકલ્ચરનો દાટ વળી રહયો છે. વિકાસની વાતો થાય છે પરંતુ ખેતીની જમીન ઘટતી જાય છે તેની સામે કોઇ જોતું નથી. ખેડૂતો ઓછા થતાં જાય છે અને ખેતમજૂરો વધતા જાય છે. સરકારના જ સત્તાવાર આંકડા પ્રમાણે ગુજરાતમાં ખેડૂતોની સંખ્યા ૪૭.૪૬ લાખની નોંધાયેલી છે, જેની સામે ખેતમજૂરોની સંખ્યા ૪૪.૯૧ લાખે પહોંચી છે. રાજયમાં બીજી એક બાબત એવી છે કે કુલ ખેડૂતો પૈકી ૬.૭૧ લાખ મહિલા ખેડૂતો છે. બીજી તરફ કુલ ખેતમજૂરો પૈકી ૧૪.૮૨ લાખ તો મહિલાઓ છે...

૧૭,૬૦૦ કરોડના વેરા બાકી છે ...

ગુજરાતમાં ફાયનાન્સ ડિપાર્ટમેન્ટની કડક ઉઘરાણી છતાં હાલની સ્થિતિએ ૧૭,૬૧૮ કરોડના કરવેરાની રકમ બાકી છે. રાજયના વેપારીઓ કરચોરી કરે છે અને સરકાર પગલાં લેતી હોય છે છતાં એવા સંખ્યાબંધ વેપારીઓ છે કે જેમણે વેટ ભર્યો નથી. વેટ નહીં ભરનારા વેપારીઓમાં સૌથી વધુ વડોદરાના છે. એક જ મેટ્રોસિટીમાં ૪૨૬૫ કરોડના વેરા ભરાયા નથી. બીજાક્રમે ૩૩૫૪ કરોડ સાથે અમદાવાદ અને ત્રીજાક્રમે ૧૪૦૩ કરોડ સાથે ભાવનગર આવે છે. ગુજરાતના ૩૩ જિલ્લા પૈકી નર્મદા એવો જિલ્લો છે કે જયાં માત્ર બે કરોડના વેટની વસૂલાત બાકી છે. કચ્છમાં ૧૩૨૮ કરોડ અને રાજકોટમાં ૮૪૪ કરોડના વેરા બાકી રહે છે...

કાયદા છે, અમલ માટે કર્મચારી નથી ...

ગુજરાત સરકાર વિવિધ કાયદા બનાવે છે પણ તેના અમલ માટે જરૂરી સ્ટાફની નિયુક્તિ કરતી નથી પરિણામે કાયદાનું અસરકારક પાલન થતું નથી. સરકારે જાહેરમાં ધુમ્રપાન કરવા બદલ દંડની વસૂલાતનો કાયદો બનાવ્યો છે પરંતુ કોણ ક્યાં ધુમ્રપાન કરે છે તે જોવા માટે સ્ટાફ નથી. પોલીસ એવું કહી છટકી જાય છે કે આ ચીજ તેના તાબામાં આવતી નથી. રાજયમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર છે અને તેની શાખાઓ જિલ્લાકક્ષાએ ફેલાયેલી છે. સરકારની બેદરકારી જુઓ તો, આ કચેરી માટે ૧૩૫૧નો સ્ટાફ મંજૂર કરવામાં આવ્યો છે પરંતુ ૪૭૫ જેટલી જગ્યાઓ ખાલી પડી છે. વર્ગ૧ના અધિકારીઓની જગ્યા ૯૩ છે પણ પણ ૬૧ જગ્યાએ ઓફિસરો જ નથી. ખોરાકમાં ભેળસેળ થાય અને દવામાં આરોગ્ય સાથે ચેડાં થાય તો પગલાં કોને લેવા તે નક્કી થઈ શકતું નથી...

ટુરિઝમ પ્રોપટીનું ખાનગીકરણ ...

બહું લાંબા ઈન્તજાર પછી ગુજરાત પ્રવાસન વિભાગે તેના વિવિધ પ્રોજેક્ટોનું પ્રાઈવેટાઈઝેશનને લીલીઝંડી આપી છે. પ્રવાસન નિગમની મિલકતો અને જમીનને બિલ્ટઓપરેટટ્રાન્સફર (બીઓટી), અપગ્રેડ ઓપરેટ મેઈન્ટેન ટ્રાન્સફર (યુઓએમટી), ડિઝાઈન બિલ્ડ ફાયનાન્સ ઓપરેટ ટ્રાન્સફર (ડીબીએફઓટી), સર્વિસ મેનેજમેન્ટ કોન્ટ્રાક્ટ તેમજ ૩૦ કે તેથી વધુ સમય માટેની લીઝ આપવા સુધીનો નિર્ણય કર્યો છે. પ્રવાસન વિભાગે તેના નિગમની ૧૯ તોરણ રેસ્ટોરન્ટ, છ કાફેટેરિયા, સાત વે સાઈડ એમિનિટીઝ, ૨૩ સ્થળોએ જમીન, ૧૯ વિવિધ પ્રોપર્ટીનું ખાનગીકરણ કરવાનો પ્લાન બનાવ્યો છે...

રાજ્યના શહેરો સિમલા કેમ ન બને! ...

ગુજરાતમાં ૧લી મે થી ૧૫ દિવસ સુધી સ્વચ્છતા અભિયાન શરૂ થાય છે ત્યારે આપણે એવી આશા રાખીએ કે આપણા શહેરો મોરોક્કો જેવા બને... સમગ્ર વિશ્વમાં ઈરફિક્ષય ખજ્ઞજ્ઞિભભજ્ઞ એ એક એવું શહેર છે કે જે વિશ્વના ક્લિનેસ્ટ સિટીમાં પ્રથમક્રમ ધરાવે છે. આ શહેરમાં ક્વોલિટી ઓફ એર, ક્વોલિટી ઓફ ડ્રિન્કીંગ વોટર અને ક્વોલિટી ઓફ લાઈફ ૧૦૦ ટકા છે. ટોપ ટેન મોસ્ટ ક્લિનેસ્ટ સિટીઝ ઈન ધ વર્લ્ડ ૨૦૧૪માં આ શહેરે ખિતાબ પ્રાપ્ત કર્યો હતો. ભારતના ક્લિનેસ્ટ સિટીની યાદીમાં પહેલાક્રમે સિમલા, બીજાક્રમે દહેરાદૂન અને ત્રીજાક્રમે સુરત આવે છે. સિમલાને ૭૩.૪૮ પોઈન્ટ મળ્યા છે, દહેરાદૂનને ૭૦.૬૫ ટકા અને સુરતને ૬૯.૦૮ પોઈન્ટ મળ્યા છે. ગુજરાતનું સુરત દેશનું ત્રીજા નંબરનું સ્વચ્છ શહેર બની શકતું હોય તો અન્ય શહેરો કેમ ના બની શકે તે સરકારે અને લોકોએ જ વિચારવાનું છે...

પહેલું નોન મેટ્રો વાઇફાઇ સુરત ...

ભારતનું સૌથી પહેલું સ્માર્ટ સિટી એટલે કે વાઈફાઈ એનેબલ સિટીનું ગૌરવ ભલે કોલકત્તાને મળ્યું હોય, ગુજરાતનું સુરત એક એવું સિટી બનશે કે જે સૌથી પહેલું નોન મેટ્રો સિટીમાં પ્રથમ વાઈફાઈ એનેબલ બનશે. સુરત મહાનગર તરફથી એવી જાહેરાત કરવામાં આવી છે કે આખા શહેરમાં વસતા તમામ લોકો એટલે કે ૧૫ લાખ આવાસોમાં વાઈફાઈની વિનામૂલ્યે સુવિધા અપાશે. સુરતમાં ૨૦ લાખથી વધુ લોકો ઈન્ટરનેટના યુઝર્સ છે અને તે સંખ્યાને ધ્યાને રાખીને સુરત મહાનગરે વાઈફાઈ સુવિધા આપવાનું નક્કી કર્યું છે. ગયા ફેબ્રુઆરી મહિનામાં દેશના મેટ્રોસિટી કોલકત્તા ૧૦૦ ટકા વાઈફાઈ એનેબલ સિટી બન્યું છે. આપણે ઈચ્છીએ કે સુરત જ નહીં, ગુજરાતના આઠ મોટા શહેરોમાં એકસાથે વાઈફાઈ સુવિધા શરૂ થઈ જવી જોઈએ...